Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# પ્રવાસનનો ખ્યાલ અને વ્યાખ્યાઓ

**પરમાર કિંજલબેન કાન્તીભાઈ**
પીએચ.ડી. સ્કોલર (ઈતિહાસ)
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ

ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે વિકાસ પ્રાચીન સમયથી ચાલ્યો આવેલ છે. તેનું ઉત્તમ ઉદાહરણ વલભી વિદ્યાપીઠ છે. વલભી વિદ્યાપીઠમાં પ્રાચીન સમયથી દેશ- વિદેશના વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રાપ્ત કરવા આવતા અને ભારતમાં આવતા વિદેશી પ્રવાસીઓ ગુજરાતની મુલાકાત પણ લેતા. ગુજરાતમાં તેની પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિકતા, સંબંધો ધરાવતા સ્થાપત્યો, કલા અને સંસ્કૃતિ એ ગુજરાતની એક આગવી વિશિષ્ટતા રહેલી છે. ગુજરાતને ૧૬૦૦ કી.મી. લાંબો દરિયાકિનારાનો લાભ મળવાથી બંદરોનો પણ વિકાસ થયો છે. ગુજરાતમાં બંદરો દ્વારા વ્યાપાર પ્રવાસન ક્ષેત્રે વિકાસ પહેલેથી જ થતો આવ્યો છે. આજે પણ ગુજરાતનું કંડલા બંદર ધમધમતું વ્યાપારિક બંદર છે. એક દેશથી બીજા દેશ વચ્ચેના આવવા-જવા માટેનો દરિયાઈ રસ્તો ગુજરાતમાં હોવાના કારણે ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રનો વિકાસ સતત થતો રહ્યો છે. તે ગુજરાતની પોતાની સંસ્કૃતિની એક આગવી દેન છે. જેના કારણે આજે ગુજરાતમાં દેશ-વિદેશના પ્રવાસીઓ આવે છે. ગુજરાતની પ્રાચીન વાવો. સ્થાપત્યો. હેરીટેઝ હોટલો, મહેલો, પર્યાવરણીય સ્થળો, નદીઓ, પર્વતો, ઉત્સવો. ગુજરાતના પરંપરાગત ભાતીગળ લોક-મેળાઓ આ બધાના કારણે આજે વિશ્વના દેશોની નજર ગુજરાત તરફ મંડાણી છે. ગુજરાતે ઉદ્યોગ ક્ષેત્રે સારી એવી પ્રગતિ કરી છે. આ ઉપરાંત ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા ઉજવાતા ઉત્સવો પતંગોત્સવ, રણોત્સવ, કાંકરીયા કાર્નિવલ, વાયબ્રન્ટ ગુજરાત વગેરેના કારણે વિશ્વના નકશા પર 'ગુજરાત' પ્રવાસધામ તરીકે વિકસતું રહ્યું છે. આવા દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષતા ગુજરાતના ચાંપાનેરનાં સ્થાપત્યો અને પાટણની રાણકી વાવને વિશ્વ કક્ષાએ કામ કરતી સંસ્થા યુનેસ્કોએ વર્લ્ડ હેરીટેઝ સાઈટમાં સ્થાન આપ્યું છે જે ગુજરાત માટે ખૂબ ગૌરવની વાત છે.

પ્રવાસનને મોટા ભાગે વ્યક્તિ દ્વારા કોઈ સ્થળે સાઇટ જોવી, સંબંધી અને મિત્રોની મુલાકાત, વેકેશન કે સારો સમય વિતાવવો તેનાં સંદર્ભમાં વિચારવામાં આવે છે. પરંતુ આજે

ટેકનોલોજીનો વિકાસ થતાં પ્રવાસનના આધુનિક સ્વરૂપમાં સેમિનાર, વ્યાવસાયિક પ્રવૃત્તિઓ, મીટિંગ અને પરિષદ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. પ્રવાસનની વ્યાખ્યા અને તેનાં કાર્યક્ષેત્ર સમજતાં પહેલાં પ્રવાસન સાથે જોડાયેલ જુદાં- જુદાં સમૂહોને જાણવા જરૂરી છે કે જે પ્રવાસન ઉદ્યોગને અસર કરે છે. તેમના ખ્યાલ પ્રવાસનને સમજવા માટે ખુબ જ અગત્યના છે.

**પ્રવાસી** : પ્રવાસી જુદાં- જુદાં માનસિક અને ભૌતિક અનુભવ અને સંતોષ શોધે છે. પ્રવાસીનું સ્વરૂપ મોટાભાગે પ્રવાસન સ્થળની પસંદગી અને મનોરંજન પ્રવૃત્તિઓનો આનંદ દ્વારા નિર્ધારિત થાય છે.

**વસ્તુઓ અને સેવાઓ પૂરી પડતાં પ્રવાસન ઉત્પાદકો** : પ્રવાસીઓ દ્વારા બજારમાં જે વસ્તુ અને સેવાઓની માંગ કરવામાં આવે છે તે પુરી પાડી નફો મેળવે છે.

**યજમાન સમૂહ કે વિસ્તારની સરકાર** : રાજકારણીઓ, પ્રવાસનને એક સંપત્તિ સર્જન કરનાર સાધન તરીકે જુએ છે. તેમનો દ્રષ્ટિકોણ દેશના નાગરિકો પ્રવાસન વ્યવસાયમાંથી આવક મેળવે તે છે. વધુમાં, રાજકીય વિશ્લેષકો દ્વારા આંતરરાષ્ટ્રીય પ્રવાસનમાંથી વિદેશી હુંડિયામણ તેમજ પ્રવાસી ખર્ચ કે જે કરવેરા રૂપી સરકારને આવક કમાવી આપે તેને ધ્યાનમાં લેવામાં આવે છે.

**યજમાન સમૂહ** : સામાન્ય રીતે સ્થાનિક લોકો પ્રવાસનને રોજગારી અને સંસ્કૃતિનું સાધન ગણે છે. મોટા ભાગના સમૂહો આંતરરાષ્ટ્રીય પ્રવાસી અને સ્થાનિક સમૂહોના આંતર જોડાણને મહત્વનું ગણે છે. આ આંતર જોડાણ લાભદાયક પણ હોય તેમજ ગેર- લાભદાયક પણ હોઈ શકે.

આમ જોઈએ તો સામાન્ય ભાષામાં પ્રવાસન એટલે આનંદ, આરામ અને ધંધાકીય હેતુ માટે પ્રવાસન પ્રવૃત્તિ અને તે પ્રવૃત્તિ માટેની જોગવાઈ. પ્રવાસન અંગે સૌપ્રથમ ઓસ્ટ્રીયન અર્થશાસ્ત્રી વ્યાખ્યા આપતાં જણાવે છે કે પ્રવાસનનો ચોક્કસ દેશના શહેર અથવા પ્રદેશની અંદર અને બહાર વિદેશીઓનો પ્રવેશ, રોકાણ અને હિલચાલ સાથે સીધો સંબંધ છે, જેનો સરવાળો મુખત્વે આર્થિક સ્વરૂપનો હોય છે. ત્યારબાદ, 1942માં સ્વિસ પ્રોફેસર અને ઓસ્ટ્રીયન અર્થશાસ્ત્રી હુન્ઝીકેર અને ક્રપ્ફ જણાવે છે કે પર્યટન અજાણ્યા લોકોના પ્રવાસ અને રોકાણથી ઉદ્ભવતા સંબંધો અને ઘટનાની સંપૂર્ણતા છે, જો કે રોકાણ કાયમી રહેઠાણ દર્શાવતું નથી અને

વળતરની પ્રવૃત્તિ સાથે પણ જોડાયેલું નથી. ઉપરોક્ત વ્યાખ્યાઓનો International Association of Scientific Experts દ્વારા સ્વીકાર કરાયો છે.

આ વ્યાખ્યાઓ પ્રવાસનના ત્રણ મહત્વના તત્વોને ઉજાગર કરે છે.

- બિન રહેવાસીઓનો પ્રવાસમાં સમાવેશ
- મુલાકાતી વિસ્તારમાં કામચલાઉ રોકાણ
- રોકાણ કોઈ આવક કમાવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ નથી.

ભાટિયા (1991)ના મતે પ્રવાસન એકલું અસ્તિવમાં આવતું નથી. તેનાં અમુક ઘટકો હોય છે, જેમાં વાહનવ્યવહાર, રહેઠાણ અને સ્થળએ ત્રણને મૂળભૂત ગણવામાં આવ્યા છે. પરંતુ મચીન્તોશ અને ગોએલ્હેરના(1990) મતે, પ્રવાસીઓ અને બીજા મુલાકાતીઓને આકર્ષવા તેમજ યજમાનની પ્રક્રિયા દ્વારા પ્રવાસી, વ્યાવસાયિક ઉત્પાદક તથા યજમાન સરકાર અને સમૂહ વચ્ચે આંતરક્રિયા કારણે ઊભા થતાં સંબંધ ઉપરાંત ઘટનાઓનો સરવાળો એટલે પ્રવાસન. જ્યારે બીજી તરફ, મેથીશન અને વોલ (1982) પ્રવાસનનો અર્થ આપતા જણાવે છે કે, લોકો દ્વારા પોતાના ઘર અને કામના સ્થળેથી બહાર ટૂંકા સમય માટેની કામચલાઉ હલનચલન તેમજ તે સમય દરમિયાન લોકોની સ્થળ ઉપરની પ્રવૃત્તિઓ અને તે જરૂરિયાત સંતોષવા માટેની સુવિધા. સરળ શબ્દોમાં, પ્રવાસનએ સેવાઓ અને ઉદ્યોગોનું એવું સંયોજન છે કે જેમાં પ્રવાસ અનુભવ, વાહનવ્યવહાર, રહેઠાણ, ખોરાક અને પીણાં, દુકાન, મનોરંજન જેવી અનેક સુવિધાઓનો સમાવેશ થાય છે જે પ્રવાસી તેના ઘરથી દૂર રહે ત્યારે આપવામાં આવે છે. વધુમાં, શ્રી આર.જે શાહના મતે પ્રવાસન મુખત્વે આર્થિક બાબતોનું સંચાલન કરે છે, જે દેશ, શહેર અથવા તો પ્રદેશની અંદર અને બહારના વિદેશી લોકોની મુલાકાત, રોકાણ અને હિલચાલને સીધી રીતે જોડે છે. પ્રો.જાફરીન પ્રવાસન અંગે સમજુતી આપતા જણાવે છે કે પ્રવાસન એટલે જ્યાં વ્યક્તિ પોતાના રહેઠાણ સ્થળથી દૂર રહે છે અને ઉદ્યોગની જરૂરિયાતને પ્રભાવિત કરે છે. જ્યાં ઉદ્યોગ યજમાનના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને ભૌતિક વાતાવરણથી અસર પામે છે. પ્રો. ગને પ્રવાસનમાં પાંચ ઘટકોનો સમાવેશ કરે છે, જેવાં કે લોકો, આકર્ષણ, માહિતી, પરિવહન, સેવાઓ અને સુવિધાઓ. વધુમાં, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પણ પ્રવાસનને જુદીજુદી રીતે પરિભાષિત કર્યું છે, જેમાં કેરેબિયન પ્રવાસન નિગમના મતે પ્રવાસી કે મુલાકાતી એ એક

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

એવી વ્યક્તિ છે જે યજમાન દેશમાં ઓછાંમાં ઓછા 24 કલાક રહી શકે. જ્યારે આ 24 કલાકમાં પરિવહન દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવતો નથી. વધુમાં, વ્યાખ્યામાં એ પણ જણાવ્યું છે કે કોનો પ્રવાસીમાં સમાવેશ કરવો નહિ. નિગમના મત અનુસાર જે લોકો અન્ય સ્થળે વસવાટ કરતા હોય તેમજ કામના અને અભ્યાસના હેતુથી એક દેશમાંથી બીજા દેશમાં આવતા હોય તેનો સમાવેશ અહીં પ્રવાસીમાં કરવામાં આવતો નથી. ભારત સરકારે 1937માં રાષ્ટ્રસંઘની આંકડાકીય સમિતિ દ્વારા આપેલ આંતરરાષ્ટ્રીય પ્રવાસીની વ્યાખ્યા કે જેમાં જણાવે છે કે આંતરરાષ્ટ્રીય પ્રવાસી એટલે વ્યક્તિ પોતાના નિવાસ સ્થાનેથી કોઈ બહારના દેશમાં ઓછામાં ઓછા 24 કલાક માટે મુલાકાત કરે તે. આ વ્યાખ્યાનો 1971માં સ્વીકાર કર્યો, ત્યારબાદ, ભારત સરકારે વિદેશી પ્રવાસી માટેના સ્પષ્ટ માપદંડો નિર્ધારિત કર્યા. જે મુજબ વિદેશી પ્રવાસી એટલે,

- કાનૂની વિદેશી પાસપોર્ટ સાથે ભારત દેશમાં આવેલ હોય.
- 24 કલાકના સમયથી વધુ તેમજ 6 મહિના કરતા ઓછો સમય રોકાણ કરેલ હોય.
- કેટલાક વિશિષ્ટ સંજોગો જેમ કે આરામ લેવો, રજા ગાળવી, માંદગી, ધાર્મિક અથવા તો ધરેલું ઉદેશ્ય, રમત ગમતમાં ભાગ લેવો વગેરે.
- ભારતમાં કાયમી વસવાટ માટે ન આવ્યો હોય.
- રોજગારીના હેતુથી ભારતમાં વસવાટ ના કરે તો તે પ્રવાસ કરે છે તેવું કહેવાય.

વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઇઝેશન (World Tourism Organization)ના અર્થઘટન મુજબ પ્રવાસનમાં વ્યક્તિઓની એક વર્ષ કરતા ઓછા સમય માટે પોતાના સામાન્ય પર્યાવરણથી બહાર આરામ, વ્યવસાય અને બીજા હેતુઓ માટે પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. જ્યાં સામાન્ય પર્યાવરણના અર્થમાં ઘરની આજુબાજુ કે ઘર અને કામના સ્થળે થતી અવારનવાર રોજિંદી મુસાફરીનો સમાવેશ થતો નથી. પરંતુ પ્રવાસન સેવા પૂરી પાડનાર અને પ્રવાસી સંબંધિત સેવાઓનો સમાવેશ થાય છે. પ્રવાસનમાં હોટેલ, રેસ્ટોરન્ટ, વાહનવ્યવહાર, ખોરાક અને પીણાં અને રહેઠાણ વ્યવસ્થા વગેરેનો પણ સમાવેશ થાય છે. પ્રવાસન એક એવી આર્થિક-સામાજિક ઘટના છે, જેમાં મુલાકાતી કે પ્રવાસી દ્વારા પોતાના ઘરથી દૂર કરવામાં આવતા અનુભવો અને

પ્રક્રિયાઓ, યજમાન સ્થળ અને પ્રવાસન ઉદ્યોગ દ્વારા આપવામાં આવતી સેવાઓનો સમાવેશ થાય છે. આ બધી સેવાઓ, પ્રક્રિયાઓ અને અનુભવને આપણે એક પ્રવાસન સેવા કહી શકીએ.

**પ્રવાસનના પ્રકારો**

પ્રવાસન એક આર્થિક સેવા છે જે માનવીની પ્રવાસન અંગેની માંગને સંતોષે છે, તેની બજાર માંગ પ્રવાસન માંગ અને પુરવઠામાં થતા ફેરફાર દ્વારા સર્જાય છે. મોટા ભાગની પ્રવાસન માંગ હેતુઓથી પ્રભાવિત થાય છે કે જે વ્યક્તિને પ્રવાસ કરવા માટે પ્રેરિત કરે છે. આ હેતુઓમાં ફેરફાર થવાથી જે તે પ્રવાસન સ્થળો પર તેની અસરો પડે છે. આથી પ્રવાસનની આ અસરોને સમજવા માટે પ્રવાસનના વિવિધ હેતુઓને આધારે સર્જાતા પ્રવાસનના વિવિધ પ્રકારો જાણવા ખુબ આવશ્યક છે, જે નીચે મુજબ છે.

**ઇનબાઉન્ડ પ્રવાસન** : આ પ્રવાસનમાં અન્ય દેશમાંથી ચોક્કસ દેશમાં પ્રાપ્ત થતા પ્રવાસીઓનો સમાવેશ થાય છે.

**આઉટ બાઉન્ડ પ્રવાસન** : દેશમાંથી વિદેશમાં જતાં પ્રવાસીઓનો સમાવેશ થાય છે.

**ઘરેલું પ્રવાસન** : દેશના નાગરિકો દ્વારા દેશના કોઈ પણ હિસ્સામાં પ્રવાસ કરવામાં આવે તો તેને ઘરેલુ પ્રવાસન કહેવાય.

**રહેણાંક પ્રવાસન** : અહીં આ પ્રવાસન હેઠળ પ્રવાસી એક મહિના કરતા વધુ સમય માટે રજાઓ હોય ત્યારે કોઈ ચોક્કસ સ્થળે પોતાનો સમય ખર્ચે છે. આ સ્થળે એકદમ શાંત અને હળવું વાતાવરણ હોય છે. રહેણાંક પ્રવાસન મોટાભાગે ટોચની સીઝન હોય ત્યારે જોવા મળે છે. એટલે કે આ સમય દરમિયાન પ્રવાસી માંગ સૌથી વધુ હોય છે.

**મોસમી પ્રવાસન** : મોસમી પ્રવાસનમાં એક મહિના કરતા ઓછો રજાનો સમય હોય તેનો સમાવેશ થાય છે. અહીં પ્રવાસી એક મહિના કરતા ઓછા સમય માટે કોઈ ચોક્કસ સ્થળે રોકાણ કરે છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**રોવિંગ પ્રવાસન** : અમુક પ્રવાસીઓ એવા હોય છે કે જે વર્ષમાં રજાઓના દિવસે પ્રવાસ કરે છે. તેઓ સ્થળે સ્થળે પ્રવાસ કરે છે પણ ક્યાંય પણ 5 દિવસ કરતા વધુ સમય રાત્રિરોકાણ કરતા નથી. તેમનો હેતુ મોસમી કે રહેણાંક પ્રવાસીઓથી જુદા હોય છે.

**ઉનાળુ પ્રવાસન** : આ પ્રવાસન ઉનાળાના મહિના દરમિયાન કરવામાં આવે છે. આ પ્રવાસ પાછળનો હેતુ મોટા ભાગે દરિયાકિનારે સૂર્યપ્રકાશ અને નહાવાનો હોય છે. યુરોપિયન દેશોમાં આ પ્રકારનું પ્રવાસન વિશિષ્ટ રીતે જોવા મળે છે.

**પરિસ્થિતિગત પ્રવાસન** : અહીં પ્રવાસન પરંપરાગત ઉત્સવ, મેળાઓ, કળા, લોક સંગીત અને નૃત્ય કાર્યક્રમોથી પ્રભાવિત થાય છે.

**પરંપરાગત પ્રવાસન** : પરંપરાગત પ્રવાસનમાં ધાર્મિક, ઐતિહાસિક, આનંદ અને પ્રમોદ, દરિયાઈ, સાહસી, મનોરંજન અને શૈક્ષણિક પ્રવાસનનો સમાવેશ થાય છે.

**ધાર્મિક પ્રવાસન** : માણસ એવી જગ્યાનો પ્રવાસ કરવાનું પસંદ કરે છે, જે પવિત્ર હોય અથવા તો જ્યાં તેમના દેવીદેવતાઓ રહેતા હોય. ધાર્મિક પ્રવાસનનો બીજો હેતુ પવિત્ર સ્થાનના સ્મારકોને સુરક્ષિત કરવાનો છે. ભારતમાં પ્રાચીન સમયથી જ ધાર્મિક હેતુસર કરવામાં આવતું પ્રવાસન ખૂબ પ્રચલિત છે. વિશ્વના અનેક ભાગ અને યુગના લોકો ધાર્મિક, જ્ઞાન અને અધ્યાત્મિક સંતોષ માટે ભારતની મુલાકાત લે છે. ધાર્મિક પ્રવાસી ભારતના ઐતિહાસિક સ્મારકોમાં ખૂબ જ રસ ધરાવે છે. ભારતમાં એવું કોઈ પણ સ્થળ નથી કે જે એક યા બીજા કારણોસર પવિત્ર ના હોય. અહીંની નદીઓ અને તળાવ, પહાડ, દરિયાઈ બીચ, નગર અને મંદિરો વગેરે ઘરેલું અને વિદેશી પ્રવાસીઓ માટે આકર્ષક છે. ભારતમાં હિંદુઓ, જૈનો, બુદ્ધો, મુસ્લિમ, ખ્રિસ્તી અને શીખો એક સાથે દેશમાં પૂજા કરે છે. આમ જોઈએ તો માનવીનું સમગ્ર જીવન એક યા બીજા કારણોસર ધર્મ અથવા તો પવિત્રતા સાથે જોડાયેલું છે. હિંદુઓ દ્વારા ચાર ધામ, જ્યોર્તિલિંગ, પાંચ સરોવરની યાત્રાઓ, મુસ્લિમો દ્વારા મક્કા અને મદીના તેમજ ખ્રિસ્તીઓ દ્વારા જેરુસલેમની મુલાકાત કે પ્રવાસ કરવામાં આવે છે. આ કારણોસર જે તે ધાર્મિક પ્રવાસન સ્થળોએ સરકાર કે ખાનગી ક્ષેત્ર દ્વારા સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**ઐતિહાસિક પ્રવાસન** : ભારત મહાન પ્રાચીન વૈશ્વિક સાંસ્કૃતિક વિરાસત ધરાવતો દેશ છે. મૌર્ય યુગથી આજ દિન સુધીના ઐતિહાસિક કળા, શિલ્પ સ્થાપત્ય, અને સ્મારકો અનેક મ્યુઝિયમમાં સચવાયેલ જોવા મળે છે. જે દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષે છે. આજે ભારતમાં ધોળાવીરા, લોથલ, રોજડી, રોપર, આગ્રા, જયપુર, ઉદયપુરના કિલ્લા, અજંતા અને ઈલોરાની ગુફાઓ, ખજુરાહો અને સારનાથ વગેરે મહત્વના પ્રવાસન સ્થળો આવેલ છે જે ઐતિહાસિક પ્રવાસનને સમૃદ્ધ બનાવે છે.

**સાહસિક પ્રવાસન** : સામાન્ય રીતે યુવાન પ્રવાસીઓ તેમના સ્વભાવ અને રમતગમત પ્રવૃત્તિમાં રસ હોવાના કારણે જુદાં-જુદાં સાહસો જેવાં કે પર્વતારોહણ, છલાંગ લગાવી, સ્કીઇંગ, રોક સાઈકલિંગ, નદી રાફ્ટિંગ, સ્વિમિંગ, સ્કેટિંગ, ઘોડેસવારી અને બોટિંગ કરવાનું વધુ પસંદ કરે છે. દરેક દેશોમાં આવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય છે. ભારતના ઉતરપ્રદેશ રાજ્યમાં ઔલી સ્કીઇંગ, ગંગા, બ્રહ્માપુત્ર અને યમુના કિનારે વોટર રાફ્ટિંગ, ઉત્તરાખંડ અને બંગાળમાં પર્વતારોહણ માટે તાલીમ આપવામાં આવે છે. યુવાન સાહસિકોને આકર્ષવા માટે વર્તમાન સમયમાં દરેક દેશમાં સાહસિક પ્રવાસનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

**દરિયાઈ/બીચ પ્રવાસન**: વર્તમાન સમયમાં દરિયાઈ પ્રવાસન આધુનિક પ્રવાસનમાં ખૂબ જ મહત્વ ધરાવે છે. મોટા ભાગના લોકો મનોરંજન કે હળવાશ મેળવવા માટે બીચ કે દરિયાઈ સ્થળે પ્રવાસ કરી બોટિંગ કે નદી રાફ્ટિંગ કરવાનું પસંદ કરે છે.

ઉપરોક્ત પ્રકરણ પ્રવાસનનો ખ્યાલ, જુદાં-જુદાં સંશોધક નિષ્ણાતો દ્વારા પ્રવાસનની વ્યાખ્યાઓ, પ્રવાસનના વિવિધ સ્વરૂપો, પ્રવાસન અને અર્થતંત્ર વચ્ચેનો સંબંધ, પ્રવાસન માંગ અને પ્રવાસન પુરવઠો અને તેને અસર કરતાં વિવિધ પરિબળો, પ્રવાસન નીતિઓ વગેરેની સમજુતી આપે છે. ઉપરાંત સંશોધન હેતુઓ, અભાસની પરિકલ્પના, અભ્યાસ ક્ષેત્રની પસંદગી, માહિતી એકત્રિકરણ અને સંશોધન પદ્ધતિ અને સંદર્ભ વર્ષની સમજુતી આપવામાં આવેલ છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**સંદર્ભસૂચિ**

૧. વ્યાસ જયનારાયણ ઓગષ્ટ ટેકનોલોજી,જી.જી.એન.ટી. 2013 પ્રવાસન વિકાસ માટે નવી

૨. ગુજરાતની પ્રવાસન નીતિ 2003 અને 2010 ગુજરાત સરકાર પ્રવાસન વિભાગ, સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ ગાંધીનગર

૩. પ્રવાસ ગાઇડ (2005) ગુજરાત સરકાર પ્રવાસન વિભાગ

૪. ગુજરાતનું ગેજેટીયર (2007) જિલ્લા-તાલુકાના સંદર્ભમાં માહિતીખાતું. ગુજરાત રાજ્ય. ગાંધીનગર.